
# શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

# પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો



## ધોરણ – ૮




## સા.વિજ્ઞાન

## સત્ર – ૨









વર્ગ શિક્ષકશ્રીનું નામ : ..............................................................

વર્ગ : ..............

શાળાનું નામ : ..............................................................

તાલુકો : ........................... જિલ્લો : ................................

**ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.**

શિક્ષણ સાગર

# પ્રાસ્તાવિક

## સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

**પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?**

**જવાબ** : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન - અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન - અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક - A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક - A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરૂં આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન - અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક -A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે - તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન - રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

# રચનાત્મક મુલ્યાંકન પત્રક    વિષય - સા.વિજ્ઞાન    ધોરણ - ૮    (દ્વિતીય સત્ર)

**શાળાનું નામ :**    **તા.**    **પત્રક :- A**    **સને: 2022-23**

| ક્ર.નં | વિદ્યાર્થીનું નામ | ૫.અંગ્રેજ શાસન સમયની શિક્ષણ અને સમાજવ્યવસ્થા | | ૬. સ્વાતંત્ર્ય ચળવળો | ૧૩. માનવ સંસાધન | | ૭. આધુનિક ભારતમાં કલા | ૧૭. ન્યાયતંત્ર | | | ૮. સ્વતંત્રતા પછીનું ભારત | ૧૮. સામાજિક ન્યાય અને સામાજિક વિસંગતતા | | ૧૪. આપત્તિ વ્યવસ્થાપન | ૧૯.સામાજિક–આર્થિક ક્ષેત્રે સરકારની ભૂમિકા | | | | | | | શિક્ષણ સાગર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | SS8.17 ભારતમાંનવી શિક્ષણપદ્ધતિમાં સાંસ્કૃતિક વિશ્લેષણ કરે છે. | SS8.18 જાતિવાદ, મહિલાઓના વિધવા પુન: લગ્ન, બાળ લગ્નો, સામાજિક સુધારાઓ ના મુદ્દાઓ, સંસ્થાઓ માટેના સંસ્થાનવાદી વહીવટી તંત્રના કાયદાઓનું વિશ્લેષણ કરે છે. | SS8.20 ઈ.સ. ૧૮૭૦થી આઝાદીકાળ સુધીના ભારતીય ચળવળના સીમાચિહ્નો દર્શાવે છે. | SS8.03 દુનિયાના નકશામાં વસતીના અસમાન વિતરણનું અર્થઘટન કરે છે. | SS8.10 વિવિધ દેશો/ભારત/રાજ્યોની વસતી દર્શાવવા માટે સ્તંભ આલેખ દોરે છે | SS8.19 આધુનિક સમયમાં કલા ક્ષેત્રમાં થયેલા સીમાચિહ્ન વિકાસને દર્શાવે છે. | SS8.27 કાયદા ઘડવાની પ્રક્રિયાનું વર્ણન કરે છે | SS8.28 ભારતીય ન્યાય પ્રણાલીની કાર્યપદ્ધતિઓને સમજવા કેટલાક સીમા ચિહ્ન રૂપ ચુકાદાઓની નોંધ કરે છે | SS8.29 FIR કઈ રીતે નોંધાય તેનો નિર્દેશન કરે છે. | SS8.21 રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં સીમાચિહ્નરૂપકાર્યોનું વિશ્લેષણકરે છે. | SS8.23 આપેલ પરિસ્થિતિમાં પ્રોત્સાહન, રક્ષણ અને ઉલ્લંઘનના સંદર્ભમાં મૂળભૂત અધિકારો અંગેની જાણકારીનો ઉપયોગ કરે છે | SS8.30 પોતાના વિસ્તારના વંચિતો અને પીડિતોના કારણો અને પરિણામોનું પૃથક્કરણ કરે છે. | SS8.04 દાવાનળ, ભૂસ્ખલન, ઔદ્યોગિક હોનારત અને તેમના ભયસ્થાનોનું માપન કરી તેના ઉપાયો શોધશે. | SS8.31 પાણી, સ્વચ્છતા, માર્ગ અને વીજળી વગેરે જેવી જાહેર સુવિધાઓ પુરી પાડવામાં સરકારની ભૂમિકા ઓળખે છે અને તેની ઉપલબ્ધતા વિશે જાણે છે. | SS8.32 આર્થિક પ્રવૃત્તિઓના નિયમનમાં સરકારની ભૂમિકા ઓળખે છે. | | | | | | સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા | | | ૪૦ માંથી મેળવેલ ગુણ |
| | | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | √ | ? | × | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

# પ.અંગ્રેજ શાસન સમયની શિક્ષણ અને સમાજવ્યવસ્થા

**1 SS8.17 ભારતમાંનવી શિક્ષણપદ્ધતિમાં સાંસ્કૃતિક વિશ્લેષણ કરે છે.**

પ્રશ્ન.1 જોડકા જોડો.

| 'અ'વિભાગ | જવાબ | 'બ' વિભાગ |
|---|---|---|
| (1) એલેક્ઝાંડર ડફ | 1 – | (A) સ્ત્રીઓ માટેના વિશ્વવિદ્યાલયની સ્થાપના |
| (2) દયાનંદ સરસ્વતી | 2 – | (B) સોમપ્રકાશ સામયિક દ્વારા સુધારણા ઝુંબેશ |
| (3) ડી.કે. કર્વે | 3 – | (C) લગ્નવય સંમતિ ધારો |
| (4) કેશવચંદ્ર સેન | 4 – | (D) બનારસ સંસ્કૃત કોલેજની સ્થાપના |
| (5) જોનાથન ડંકન | 5 – | (E) લાહોરમાં એંગ્લો વૈદિક કોલેજની સ્થાપના |
| | | (F) પાશ્ચાત્ય શિક્ષણ આપતી સંસ્થાઓની સ્થાપના |

**2 SS8.18 જાતિવાદ, મહિલાઓના વિધવા પુનઃ લગ્ન, બાળ લગ્નો, સામાજિક સુધારણાઓના મુદાઓ, સંસ્થાઓ માટેના સંસ્થાનવાદી વહીવટી તંત્રના કાયદાઓનું વિશ્લેષણ કરે છે.**

પ્રશ્ન 2. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો.

(1) ભવ્યએ ગાંધીજીના કાર્યકરોની યાદી તૈયાર કરવાની છે. નીચેનામાંથી કોનો સમાવેશ તે નહી કરે.?

(A) દુર્ગારામ મહેતા (B) જુગતરામ દવે
(C) પૂર્ણિમાબેન પકવાસા (D) ઠક્કરબાપા

(2) અંગ્રેજોના આગમન પહેલાંના ભારતીય શિક્ષણમાં નીચેનામાંથી કઇ બાબતોનો સમાવેશ થશે.?

(A) વિષયવાર પાઠ્યપુસ્તકો (B) તાલીમ પામેલ શિક્ષકો
(C) મૌખિક શિક્ષણ (D) દરેક ધોરણ માટે અલગ વર્ગખંડ

(3) ભારતની જૂની શિક્ષણ સંસ્થાઓ ઘટવા પાછળ કયાં કારણને તમે જવાબદાર ગણશો.?

(A) ખેતીનો વિકાસ (B) અંગ્રેજીના જાણકારને નોકરીમાં અગ્રતા
(C) કન્યા શિક્ષણ વિરુદ્ધ કાયદો ઘડવામાં આવેલ (D) અંગ્રેજો દ્વારા રોજગારીની તકોમાં વધારો

(4) કોલકાતા હિંદુ કોલેજ પાછળથી કયા નામે ઓળખાઇ.?

(A) વિલિયમ કોલેજ (B) એલ્ફિસ્ટન કોલેજ (C) ડંકન કોલેજ (D) પ્રેસિડન્સી કોલેજ

(5) શાંતિ નિકેતન સંસ્થા કયા નામે વિખ્યાત બની.?

(A) બાલભારતી (B) સંસ્કાર ભારતી (C) વિશ્વ ભારતી (D) મા ભારતી

# ૬. સ્વાતંત્ર્ય ચળવળો

**3. SS8.20 ઈ.સ. ૧૮૭૦થી આઝાદીકાળ સુધીના ભારતીય ચળવળના સીમાચિહ્નો દર્શાવે છે.**

પ્રશ્ન :2 નીચેના પ્રશ્નો સવિસ્તાર જવાબ આપો. 6.

1.. દાંડીકૂચની શરૂઆત ક્યારે કરવામાં આવી ?

..............................................................................................................................

2. . બ્રિટીશ  સરકારે શા માટે ગોળમેજી પરિષદ બોલાવી હતી?

..............................................................................................................................

3. સુભાષચંદ્ર બોઝ એ કયા કયા સુત્રો આપ્યા ?

..............................................................................................................................

.4. હિન્દી રાષ્ટ્રીય મહાસભા ની સ્થાપના કયારે અને કોના પ્રયત્નોથી થઈ?

..............................................................................................................................

5. ભારતના લોકો એ સાયમન કમિશનનો શા માટે બહિષ્કાર કર્યો?

..............................................................................................................................

..............................................................................................................................

# ૧૩. માનવ સંસાધન

**4. SS8.03 દુનિયાના નકશામાં વસતીના અસમાન વિતરણનું અર્થઘટન કરે છે.**

**પ્રશ્ન * . ખાલી જગ્યા પૂરો :**

(1) વિશ્વમાં વસ્તીની દષ્ટિએ ભારત...........ક્રમે છે.

(2) ભારતમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ.........છે.

(3) ભારતમાં............રાજ્યમાં સાક્ષરતાનો દર સૌથી વધુ છે.

(4) ગુજરાતમાં વસ્તી-ગીચતાનું પ્રમાણ..............છે.

**5 SS8.10 વિવિધ દેશો/ભારત/રાજ્યોની વસતી દર્શાવવા માટે સ્તંભ આલેખ દોરે છે.**

પ્રશ્ન * નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(1) વર્ષ 2011 ની જનગણના પ્રમાણે ભારતનો સાક્ષરતા દર કેટલો છે.?
જવાબ

(2) ભારતના કયા રાજ્યનો સાક્ષરતા દર સૌથી ઓછો છે.?
જવાબ

(3) 2011ની જનગણના પ્રમાણે ગુજરાતનું સ્ત્રી-પુરૂષ પ્રમાણ કેટલું છે.?
જવાબ

(4) ક્ષેત્રફળની દ્રષ્ટિએ ભારતનું સૌથી મોટું રાજ્ય કયું છે.?
જવાબ

# ૭. આધુનિક ભારતમાં કલા

**6 SS8.19 આધુનિક સમયમાં કલા ક્ષેત્રમાં થયેલા સીમાચિહ્ન વિકાસને દર્શાવે છે.**

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો :

(1) વડોદરામાં 'કલાભવન'ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી?

ઉત્તર :

(2) પાલ ચિત્રશૈલીનો વિસ્તાર ક્યાં ક્યાં થયો હતો?

ઉત્તર :

(3) ચિત્રકલાને પ્રોત્સાહન આપનાર મુઘલ રાજવીઓમાં કોનો કોનો સમાવેશ થાય છે?

ઉત્તર :

(4) ચિત્રકલાનો પ્રસાર કરવા અવનીન્દ્રનાથે કઈ સંસ્થા સ્થાપી?

ઉત્તર :

(5) ગુજરાતમાં કઈ શૈલીનાં ચિત્રો વિશેષ મળી આવ્યાં છે?

ઉત્તર :

# ૧૭. ન્યાયતંત્ર

**7 SS8.27 કાયદા ઘડવાની પ્રક્રિયાનું વર્ણન કરે છે**

પ્રશ્ન :2 નીચેના પ્રશ્નો સવિસ્તાર જવાબ આપો. (ગમેતે પાંચ ) 5.

1. દેશની બધી જ અદાલતોમાં સૌથી ઉંચુ સ્થાન કઈ અદાલત નું છે ?

.................................................................................................................................

2. રાજ્યની વડી અદાલતના ચુકાદા પર કઈ અદાલતમાં અપીલ કરી શકાય ?

.................................................................................................................................

3. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ ને કઈ ખાસ વિધિ દ્વારા હોદ્દા પરથી દૂર કરી શકાય છે ?

.................................................................................................................................

.4. વડી અદાલતમાં વ્યવહાર કઈ ભાષામાં ચાલે છે ?

.................................................................................................................................

5. ચોરી, લૂંટ, ખુન અને મારામારી વગેરેના દાવા કયા દાવા કહેવાય?

.................................................................................................................................

**8 SS8.28 ભારતીય ન્યાય પ્રણાલીની કાર્યપદ્ધતિઓને સમજવા કેટલાક સીમા ચિહન રૂપ ચુકાદાઓની નોંધ કરે છે.**

પ્રશ્ન :3 નીચેના જોડકાં જોડો.

| વિભાગ – A | વિભાગ – B |
|---|---|
| 1. ગુજરાત ની વડી અદાલત | (A) દિલ્લી |
| 2. ભારત ની સર્વાચ્ચ અદાલત | (B) દિવાની દાવા |
| 3. ચોરી, લૂંટ, ખુન અને મારામારી | (C) અમદાવાદ |
| 4. માલ,મિલકત,લેવડ- દેવડ | (D) ફોજદારી |

**9 SS8.29 FIR કઈ રીતે નોંધાય તેનો નિદર્શન કરે છે.**

પ્રશ્ન ★ ટૂંકનોંધ લખો

★ પ્રથમ દર્શીય નોંધ (F.I.R.)

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

શિક્ષણ સાગર

# ૮. સ્વતંત્રતા પછીનું ભારત

**10 SS8.21 રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં સીમાચિહ્નરૂપકાર્યોનું વિશ્લેષણકરે છે.**

નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો :

(*) દેશી રાજ્યોના એકીકરણ અને વિલીનીકરણ વિશે માહિતી આપો.

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

# ૧૮. સામાજિક ન્યાય અને સામાજિક વિસંગતતા

**11 SS8.23 આપેલ પરિસ્થિતિમાં પ્રોત્સાહન, રક્ષણ અને ઉલ્લંઘનના સંદર્ભમાં મૂળભૂત અધિકારો અંગેની જાણકારીનો ઉપયોગ કરે છે**

નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો :

(1) સામાજિક અસમાનતાની આર્થિક સ્થિતિ પર કેવી અસરો થાય છે?

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**12 SS8.30 પોતાના વિસ્તારના વંચિતો અને પીડિતોના કારણો અને પરિણામોનું પૃથ્થકરણ કરે છે.**

વિચારો અને લખો :

(1)સામાજિક કુરિવાજોથી સમાજમાં કઇ રીતે અસમાનતા ઊભી થાય, કોઈ એક ઉદાહરણ આપી સમજાવો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

(2) ચૌદ વર્ષની ઉંમરના બાળકને રેસ્ટોરન્ટમાં કામ આપવું યોગ્ય ગણાય? શા માટે?

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

# ૧૪. આપત્તિ વ્યવસ્થાપન

**13 SS8.04 દાવાનળ, ભૂસ્ખલન, ઔદ્યોગિક હોનારત અને તેમના ભયસ્થાનોનું માપન કરી તેના ઉપાયો શોધશે.**

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો :

(1) કુદરતી આપત્તિ કોને કહેવાય?

ઉત્તર :

(2) આગાહી કરી શકાય એવી કુદરતી આપત્તિઓ કઈ-કઈ છે?

ઉત્તર :

(3) આગાહી ન કરી શકાય એવી કુદરતી આપત્તિઓ કઈ કઈ છે?

ઉત્તર :

(4) માનવસર્જિત આપત્તિ કઈ-કઈ છે?

ઉત્તર :

(5) દાવાનળ કોને કહેવાય?

ઉત્તર :

# ૧૯. સામાજિક–આર્થિક ક્ષેત્રે સરકારની ભૂમિકા

**14 SS8.31 પાણી, સ્વચ્છતા, માર્ગ અને વીજળી વગેરે જેવી જાહેર સુવિધાઓ પુરી પાડવામાં સરકારની ભૂમિકા ઓળખે છે અને તેની ઉપલબ્ધતા વિશે જાણે છે.**

ટૂંક નોંધ લખો :

(1) શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે સરકારની ભૂમિકા

........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................

**15 SS8.32 આર્થિક પ્રવૃતિઓના નિયમનમાં સરકારની ભૂમિકા ઓળખે છે.**

ટૂંક નોંધ લખો :

(1) સ્પેશિયલ ઇન્ડસ્ટ્રિયલ ઝોનમાં ઉદ્યોગ શરૂ કરવાથી મળતા લાભો.

........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................

# शिक्षण सागर

**આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.**

ધોરણ – ૩ CLICK HERE


ધોરણ – ૪ CLICK HERE

ધોરણ – ૫ CLICK HERE

ધોરણ – ૬ CLICK HERE

ધોરણ – ૭ CLICK HERE

ધોરણ – ૮ CLICK HERE





shikshansagar.com · શિક્ષણ સાગર · The King of Education

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION